# ભારતમાં એશિયન પેઈન્ટ્સ કંપનીના કામગીરી નફાનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)

જીનલબેન ધનસુખભાઇ ટંડેલ

**સારાંશ**

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલ કંપની BSE અને NSE માં નોંધાયેલ છે. તેના વાર્ષિક હિસાબો પ્રકાશિત થતા હોય છે. આથી 'ભારતમાં એશિયન પેઈન્ટ્સ કંપનીનું કામગીરી નફાનું વિશ્લેષણ' વિષય પર સંશોધન કાર્ય હાથ ધર્યુ હતું. જેમાં કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. આ હેતુઓ આધારીત કંપનીઓના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાપ્ત કરેલ માહિતીના આધારે ગુણોત્તર વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી નાણાકીય અને આંકડાકીય પધ્ધતિનો ઉપયોગ કરી સંશોધનને વૈજ્ઞાનિક ઓપ આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનના નીચે મુજબ મુખ્ય તારણો મળ્યા હતા.

૧. એશિયન પેઈન્ટ્સ કંપનીએ સંપુર્ણ નાણાકીય મજબૂતાઇ જાળવી રાખી છે.
૨. એશિયન પેઈન્ટ્સ કંપનીએ વેચાણના સંદર્ભમાં નફાકારકતા જાળવી રાખી છે.
3. એશિયન પેઈન્ટ્સ કંપનીનું પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.
૪. એશિયન પેઈન્ટ્સ કંપનીનું ભાવિ ઉજળુ છે.
5. એશિયન પેઈન્ટ્સ કંપનીના સંચાલન મજબૂત અને નફાકારક છે.
6. એશિયન પેઈન્ટ્સ કંપની તેમની કામગીરીને સારી રીતે ટેકો આપી રહ્યાં છે.

કંપનીએ પોતાના વેચાણના સંદર્ભમાં કામગીરી નફાનો દર જાળવી રાખ્યો છે. કંપનીએ પોતાની નફાકારકતા જાળવી રાખી છે. 98% ના કક્ષાએ કહી શકાય કે કામગીરી નફામાં 2.36% ના દરે દર વર્ષે વધારો થઇ રહ્યો છે. કામગીરી નફો સમગ્ર સમયગાળા દરમિયાન સારો હતો. કામગીરી નફા સમગ્ર સમયગાળા દરમિયાન હકારાત્મક ક્ષેત્રે હતો. ભવિષ્યમાં પણ કંપનીની નફાકારકતા સારી હશે

## ૧. પ્રસ્તાવના

ભારતના ઔદ્યોગિક વિકાસમાં એશિયન પેઈન્ટ્સ ઉદ્યોગોનો ફાળો ખુબ જ મહત્વપૂર્ણ છે. એશિયન પેઈન્ટ્સ લિમિટેડ ભારતની સૌથી મોટી પેઈન્ટ કંપની અને એશિયાની ત્રીજી સૌથી મોટી પેઈન્ટ કંપની છે. કંપની, તેમની પેટાકંપનીઓ સાથે, વિશ્વભરમાં 22 દેશોમાં 27 પેઈન્ટ મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ ધરાવે છે જેમાં 65 દેશોમાં બર્ગર ઈન્ટરનેશનલ, એસસીઆઈબી પેઈન્ટ્સ, એપકો કોટિન્ગ્સ અને ટ્યુબમેન દ્વારા ગ્રાહકોને સેવા આપે છે. એશિયન પેઈન્ટ્સ સુશોભન અને ઔદ્યોગિક ઉપયોગ માટે પેઈન્ટની વિશાળ શ્રેણીનું નિર્માણ કરે છે. કંપનીના ઉત્પાદનોમાં આનુષંગિકો, ઓટોમોટિવ, સુશોભન પેઈન્ટ અને ઔદ્યોગિક પેઈન્ટ શામેલ છે. કંપનીમાં મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્ર પ્રદેશ, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને હરિયાણામાં ઉત્પાદન પ્લાન્ટ છે.

એશિયન પેઈન્ટ્સ લિમિટેડ એ મુંબઈ, મહારાષ્ટ્રમાં મુખ્ય મથક ધરાવતી એક ભારતીય બહુરાષ્ટ્રીય પેઈન્ટ કંપની છે. કંપની પેઈન્ટ, કોટિંગ્સ, ઘરેલું સરંજામ સંબંધિત ઉત્પાદનો, નહાવાના ફિટિંગ અને સંબંધિત સેવાઓ પ્રદાન કરવા, વેચાણ અને વિતરણના વ્યવસાયમાં રોકાયેલી છે. એશિયન પેઈન્ટ્સ એ ભારતનો સૌથી મોટો અને એશિયાનો ત્રીજો સૌથી મોટો પેઈન્ટ કોર્પોરેશન છે. 2015 સુધીમાં ભારતીય પેઈન્ટ ઉદ્યોગમાં 54.1% સાથે તેનો સૌથી મોટો બજારહિસ્સો છે. આમ,આ એશિયન પેઈન્ટ્સ કંપનીનું ઘણું પ્રદાન છે. ભારતીય અર્થતંત્રના વૃધ્ધિ અને વિકાસમાં આ પેઈન્ટ્સ કંપનીની અસર કેવી થઇ છે ? આ કંપનીનું ભાવિ કેવું હશે ? આ કંપનીની નાણાકીય કામગીરી કેવી છે ? આ કંપનીની નફાકારકતા કેવી છે ? વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે સંશોધકે પ્રસ્તુત અભ્યાસ માટે ‘ ભારતમાં એશિયન પેઈન્ટ્સ કંપનીના કામગીરી નફાનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)’ વિષય પસંદ કર્યો હતો.

## ૨. સંશોધનની સમસ્યા

અધ્યેતાએ નીચે જણાવેલ સંશોધનની સમસ્યા પસંદ કરેલ હતી.

ભારતમાં એશિયન પેઈન્ટ્સ કંપનીના કામગીરી નફાનું વિશ્લેષણ (2007-08 થી 2016-17)

## ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે નીચે જેવા હેતુઓ નિર્ધારિત કર્યા હતા.

1. એશિયન પેઈન્ટ્સ કંપનીની નાણાકીય કામગીરીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવા
2. એશિયન પેઈન્ટ્સ કંપનીની વૃધ્ધિ અને વિકાસ જાણવા
3. એશિયન પેઈન્ટ્સ કંપનીનું ભવિષ્ય ઊજળુ હશે કે નબળુ હશે તે જાણવા.
4. એશિયન પેઈન્ટ્સ કંપનીની વેચાણ સંદર્ભમાં નફાકારકતા જાણવા.
5. એશિયન પેઈન્ટ્સ કંપનીનું સંચાલન મજબૂત અને નફાકારક છે કે નહિ તે જાણવા
6. એશિયન પેઈન્ટ્સ કંપની તેમની કામગીરીને ટેકો આપી રહ્યાં છે કે નહિ તે જાણવા

## ૪. સંશોધનનું મહત્વ

કોઇ પણ સંશોધન સમસ્યાનો ઉકેલ શોધવા માટે કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

1. પ્રસ્તૃત સંશોધન લેણદારો અને રોકાણકારો બંને માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે દર્શાવે છે કે કંપનીનું સંચાલન કેટલું મજબૂત અને નફાકારક છે, તેમની કામગીરીને કેવી રીતે ટેકો આપી રહ્યાં છે. રોકાણકારો માટે આ કંપનીમાં શેરમાં રોકાણ કરવું ફાયદાકારક છે કે નુકશાનકારક છે. તે અંગેનો નિર્ણય લેવામાં ઉપયોગી બનશે.
2. પ્રસ્તૃત સંશોધન રીસર્ચ સ્કોલરને પણ સંદર્ભસાહિત્ય તરીકે યોગ્ય નિર્ણય લેવામા મદદરૂપ બનશે .
3. પ્રસ્તૃત સંશોધન સરકારને મહત્વના નિર્ણયો લેવામાં અને કરવેરા અધિકારીઓને પણ કરનું આયોજન કરવામાં ઉપયોગી બનશે.
4. પ્રસ્તૃત સંશોધન બિઝનેશમેન પણ કે જેઓ પેઈન્ટ્સ કંપની સાથે સંકળાયેલા છે. કંપનીનું નાણાકીય કામગીરીનું પર્ફોમન્સ જાણી શકશે. અને જે કાંઇ સુધારો – વધારો કરવાનો હોય તેના વિશે યોગ્ય નિર્ણય લઈ શકશે.

### ૫. સંશોધનનું સીમાંકન

સંશોધન વિશાળ ક્ષેત્ર છે. તેમાં સમય, શક્તિ અને નાણાનો વ્યય થાય છે. પ્રસ્તુત સંશોધનમાં નીચે જેવી મર્યાદાઓ બની રહી હતી.

1. પ્રસ્તુત સંશોધન પસંદ કરેલ એશિયન પેઈન્ટ્સ કંપની પૂરતું મર્યાદિત હતો.
2. પ્રસ્તુત સંશોધન એશિયન પેઈન્ટ્સ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબો પરથી મેળવેલ ગૌણ ડેટા પર આધારિત હતો.
3. પ્રસ્તુત સંશોધન 2007-08 થી 2016-17 નો સમયગાળો પૂરતો મર્યાદિત હતો.
4. પ્રસ્તુત સંશોધન કંપનીના નાણાકીય કામગીરીનું વિશ્લેષણ  કરવા માટે કામગીરી નફાનું ગુણોત્તર વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી પધ્ધતિ પૂરતો મર્યાદિત હતો.

### ૬. અભ્યાસના ક્ષેત્રની પસંદગી

પ્રસ્તુત અભ્યાસ માટે એશિયન પેઈન્ટ્સ કંપનીને પસંદ કરવામાં આવી હતી. આ કંપની BSE, NSE માં નોંધાયેલ છે, આ કંપનીના વાર્ષિક હિસાબો સરળતાથી મળી રહે છે. એશિયન પેઈન્ટ્સ લિમિટેડએ મુંબઈ, મહારાષ્ટ્રમાં મુખ્ય મથક ધરાવતી એક ભારતીય બહુરાષ્ટ્રીય પેઈન્ટ કંપની છે. એશિયન પેઈન્ટ્સએ ભારતનો સૌથી મોટો અને એશિયાનો ત્રીજો સૌથી મોટો પેઈન્ટ કોર્પોરેશન છે. આ કંપની મોટા કદની છે. આ કંપનીના  શેરનું મૂલ્ય પણ ઊંચુ છે. ઘણા વર્ષોથી આ કંપની પોતાના માટે એક ઊંચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. આમ, એશિયન પેઈન્ટ્સ કંપનીની આ હેતુપુર્વક પસંદગી કરવામાં આવી હતી.

### ૭. માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તુત સંશોધન ગૌણ ડેટા આધારીત હતો. પસંદ કરેલ કંપની BSE, NSE માં નોંધાયેલ છે. તેના હિસાબો પ્રકાશિત થતા હોય છે. આ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ ડેટા મેળવવામાં આવ્યા હતા.

### ૮. અભ્યાસના સમયગાળો

પ્રસ્તુત સંશોધનનો  સમયગાળો 2007-08 થી 2016-17 નો પસંદ કરવામાં આવ્યો હતો.

### ૯. પૂર્વધારણા

Ho : - ભારતમાં એશિયન પેઈન્ટ્સ કંપનીની કામગીરી નફાના વલણમાં કોઈ તફાવત નથી

H1 : - ભારતમાં એશિયન પેઈન્ટ્સ કંપનીની કામગીરી નફાના વલણમાં  તફાવત છે.

### ૧૦. માહિતીનું વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ એશિયન પેઈન્ટ્સ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે કામગીરી નફાનો ગુણોત્તર અને વલણ શોધી અર્થઘટન કરવામાં આવ્યું  હતું.

### ૧૧. કામગીરી નફાનું ગુણોત્તર વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ એશિયન પેઈન્ટ્સ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે કામગીરી નફાનો ગુણોત્તર શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું. આ ગુણોત્તર લેણદારો અને રોકાણકારો બંને માટે મહત્વપૂર્ણ છે કારણ કે તે દર્શાવે છે કે કંપનીના સંચાલન કેટલું મજબૂત અને નફાકારક

છે. આ ગુણોત્તર કામગીરી નફો અને વેચાણ વચ્ચેનો સંબંધ દર્શાવે છે. વેચાણના પ્રમાણમાં કામગીરી નફો કેટલા પ્રમાણમાં છે તે જાણી શકાય છે. કંપનીની નફાકારકતા જાણી શકાય છે. કામગીરી નફાનું સૂત્ર આ પ્રમાણે છે.

કામગીરી નફાનો ગુણોત્તર = કામગીરી નફો × 100 / વેચાણ

કામગીરી નફાનું ગુણોત્તર વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

**કોષ્ટક નં 1**

| વર્ષ | કામગીરી નફો(કરોડમાં) | ચોખ્ખુંવેચાણ(કરોડમાં) | કામગીરી નફાનો ગુણોત્તર |
|---|---|---|---|
| 2007-08 | 569.49 | 3595.53 | 15.83 |
| 2008-09 | 593.93 | 4510.12 | 13.16 |
| 2009 -10 | 1032.96 | 5367.72 | 19.24 |
| 2010 -11 | 1157.26 | 6336.08 | 18.26 |
| 2011 12- | 1351.75 | 7964.16 | 16.97 |
| 2012 -13 | 1547.27 | 8971.70 | 17.24 |
| 2013 -14 | 1777.27 | 10418.78 | 17.05 |
| 2014 -15 | 2010.52 | 11648.83 | 17.25 |
| 2015 -16 | 2479.56 | 12645.88 | 19.60 |
| 2016 -17 | 2670.84 | 12647.11 | 21.11 |

(પ્રાપ્તિસ્થાન : વાર્ષિક અહેવાલ www.Asianpaintscompany.com)

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે શરૂઆતના સાત-આઠ વર્ષોમાં કંપનીના કામગીરી નફાના ગુણોત્તર માં વધ-ઘટ થઈ રહ્યો છે. પરંતુ પાછલા ત્રણ વર્ષોથી કંપનીનો કામગીરી નફાના ગુણોત્તરમાં સતત વધારો થઈ રહ્યો છે આથી કહી શકાય કે શરુઆતના સાત-આઠ વર્ષોમાં કંપનીની વેચાણના સંદર્ભમાં નફાકારકતામાં વધારો-ઘટાડો થઈ રહ્યો છે અને છેલ્લા ત્રણ વર્ષોમાં કંપનીની નફાકારકતામાં સતત વધારો થઈ રહ્યો છે. આથી કહી શકાય કે કંપનીએ પોતાના વેચાણના સંદર્ભમાં કામગીરી નફાનો દર જાળવી રાખ્યો છે. કંપનીએ પોતાની નફાકારકતા જાળવી રાખી છે.

## ૧૨. કામગીરી નફાનું વલણ વિશ્લેષણ


વલણ વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ એશિયન પેઈન્ટ્સ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે કામગીરી નફાનું વલણ શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું. કામગીરી નફાનું વલણ વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

**કોષ્ટક નં 2**

| વર્ષ | કામગીરી નફો(રોડમાંક) |
|---|---|
| 2007-08 | 569.49 |
| 2008-09 | 593.93 |
| 2009-10 | 1032.96 |
| 2010-11 | 1157.26 |
| 2011-12 | 1351.75 |
| 2012-13 | 1547.27 |
| 2013-14 | 1777.27 |
| 2014-15 | 2010.52 |
| 2015-16 | 2479.56 |
| 2016-17 | 2670.84 |

કામગીરી નફાનું વલણ વિશ્લેષણ દર્શાવતો ચાર્ટ નીચે મુજબ છે.

**ચાર્ટ નં 1**




ઉપરોક્ત વલણ શોધ પરીક્ષણમાંથી કહી શકાય કે કામગીરી નફાની શ્રેણીમાં વલણ જોવા મળે છે ફીટ રેખીય રીગ્રેશન લાઈનથી $R^2$ નું મૂલ્ય 0.981 છે, જેથી આપણે કહી શકીએ કે આ મોડેલ યોગ્ય છે, 98% ના કક્ષાએ કહી શકાય કે કામગીરી નફામાં 2.36% ના દરે દર વર્ષે વધારો થઇ રહ્યો છે. આથી નિષ્કર્ષ પર આવી શકાય કે કામગીરી નફાની શ્રેણીમાં

વલણ શોધી શકાય છે. કામગીરી નફા સમગ્ર સમયગાળા દરમિયાન સારો હતો. કામગીરી નફા સમગ્ર સમયગાળા દરમિયાન હકારાત્મક ક્ષેત્રે હતો. ભવિષ્યમાં પણ કંપનીની નફાકારકતા સારી હશે.

**૧૩. તારણો**

1. એશિયન પેઈન્ટ્સ કંપની દેશના વૃધ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.
2. એશિયન પેઈન્ટ્સ કંપનીનું ભવિષ્ય સારું છે.
3. એશિયન પેઈન્ટ્સ કંપનીનુ પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.
4. એશિયન પેઈન્ટ્સ કંપનીની નાણાકીય કામગીરી સારી છે.
5. એશિયન પેઈન્ટ્સ કંપનીની નફાકારકતા સારી છે.
6. એશિયન પેઈન્ટ્સ કંપનીના સંચાલન મજબૂત અને નફાકારક છે.
7. એશિયન પેઈન્ટ્સ કંપની તેમની કામગીરીને સારી રીતે ટેકો આપી રહ્યાં છે.

**સંદર્ભગ્રંથો**

1. Dr.H.G and Desai K.G (1192) "Research Methodology and Techniques" Amadawad university, Granthnirman Board Gujarat state.
2. Economics and political weekly journal feb 17,2007
3. Finance India vol,no 3,2003 Agrawal J.D.
4. Financial Manegment, text & problems M.Y.khan & P.K Jain (third edition)
5. India journal of Marketing September 2006
6. Indian express Magazine
7. www.Asianpaintscompny.com
8. www.economicstime.Indiatimes
9. www.trai.gov.in